(An Undertaking of Surat Municipal Corporation)

# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

સુરત મહાનગરપાલિકાના માન.કમિશ્નરશ્રીના તા.૦૯/૦૨/૨૦૨૬ ના જાહેરનામા ક્રમાંક PRO/૬૪૫/૨૦૨૫-૨૬ મુજબ સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવેલ તાપી નદી પર ડભોલી અને જહાંગીરપુરાને જોડતા રીવર બ્રીજના બંને તરફના વેરીંગ કોટને રીપેરીંગ કરવાના કામે વાહન વ્યવહાર માટે વધુ સમય માટે ચાલુ રાખી શકાય તેમ ન હોય, જાહેર જનતાનાં જાનમાલની સલામતીના હેતુસર સદર બ્રીજને તા.૧૧/૦૨/૨૦૨૬ થી તા.૩૦/૦૪/૨૦૨૬ એટલે કે, ૭૮ દિવસ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે જહાંગીરપુરાથી ડભોલી તરફના ટ્રેક અનિવાર્યપણે બંધ કરવામાં આવનાર છે. સદર સમયગાળા દરમ્યાન જાહેર જનતાનાં જાનમાલની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફીક નિયમન સરળતાથી થઈ શકે, તે હેતુસર તમામ પ્રકારના વાહન વ્યવહાર ડાયવર્ઝન આપવામાં આવેલ છે.

જેને ધ્યાને લેતા સુરત મહાનગરપાલિકા સંચાલિત જાહેર પરિવહન સેવામાં કાર્યરત BRTS રુટ નં.૧૩ (જહાંગીરપુરાથી કડોદરા) અને ૧૪ (ONGC થી કોસાડ) ને અસર થનાર છે. જેથી મુસાફરોને બસ સેવામાં કોઈ અડચણ ન પડે તથા સરળતાથી બસ મળી રહે તે હેતુસર ઉક્ત અસર થતા રૂટોમાં તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજથી નીચે મુજબના ફેરફાર કરવામાં આવેલ છે. સદર બ્રીજની કામગીરી પૂર્ણ થયેથી ઉક્ત રૂટોને રાબેતા મુજબ શરુ કરવામાં આવશે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવી.

| BRTS રુટ નં. | BRTS રુટનું નામ | તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજથી રૂટમાં કરવામાં આવેલ જરૂરી ફેરફાર |
|---|---|---|
| ૧૩ | જહાંગીરપુરાથી કડોદરા | ડો.શ્યામાપ્રસાદ મુખર્જી બ્રીજથી કડોદરા |
| ૧૪ | ONGC થી કોસાડ | ૧૪ O - ONGC થી જહાંગીરપુરા અને<br>૧૪ K - ડો.શ્યામાપ્રસાદ મુખર્જી બ્રીજથી કોસાડ |
| સ્પેશીયલ શટલ બસ સર્વિસ | જહાંગીરપુરાથી જહાંગીરપુરા (સર્ક્યુલર - એન્ટી ક્લોક વાઈઝ - લુપ) | ૧૪ AC - જહાંગીરપુરાથી ચંદ્રશેખર આઝાદ બ્રીજથી કતારગામ બ્રીજથી ગજેરાથી ડભોલી બ્રીજથી જહાંગીરપુરા |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૫૭૫**
**તા.૧૩/૦૨/૨૦૨૬**